<table>
<tr><td rowspan="5"></td><td rowspan="5"></td><td>રજુ તારીખ</td><td colspan="3">૧૪/૦૨/૨૦૨૫</td></tr>
<tr><td>દાખલ તારીખ</td><td colspan="3">૧૪/૦૨/૨૦૨૫</td></tr>
<tr><td>નિકાલ તારીખ</td><td colspan="3">૦૭/૦૩/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">અવધિ</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૧</td><td>૦૦</td><td>૨૧</td></tr>
</table>

-----------------------------------

**મહીસાગર જીલ્લાના મહેરબાન સ્પે.પોક્સો જજશ્રીની કોર્ટમાં, મુ.લુણાવાડા**

-----------------------------------

**સ્પેશીયલ પોકસો કેસ નં.૦૨/૨૦૨૫**

**આંક-૮૦**

**ફરીયાદી :—** **સરકાર શ્રી**

**વિરુધ્ધ**

**આરોપી :—** **શૈલેષભાઈ ફુલાભાઈ તાવીયાડ**

ઉ.વ.૧૯,

રહે : સીમલીયા, તળગામ ફળીયુ,

તા.સંતરામપુર, જી.મહીસાગર.

| | |
|---|---|
| Date of Offence | 16/09/2024 |
| Date of FIR | 24 /10/2024 |
| Date of Chargesheet | 12/02/2025 |
| Date of Framing of Charges | 02 /05/2025 |
| Date of commencement of evidence | 16/05/2025 |
| Date on which judgment is reserved | 05/03/2026 |
| Date of the Judgment | 07/03/2026 |
| Date of the Sentencing Order, if any | – |

**ગુન્હો:-બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા તથા ઘી પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફોર્મ સેક્સયુઅલ ઓફેન્સ એક્ટ ૨૦૧૨ ની કલમ-૪, ૫(એલ), ૬ મુજબ...**

------------------------------------------

ફરીયાદીશ્રી સરકાર તરફે વિ.એ.જી.પી **શ્રી સી.જી.જોષી**

આરોપી તરફે વિ.વ. શ્રી **જે.એસ.પંડ્યા**

------------------------------------------

| S.No. | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| 1. | Shaileshbhai Fulabhai Varjibhai Taviyad | 18 / 12 / 2024 | 11/06/2025 | BNS 137(2), 87, 64(2)(M) & PCSO Act Section 4,5(L),6 | Acquitted | – | – |

**-::જજમેન્ટ::-**

**(૧)** સદર આરોપી વિરૂઘ્ઘ બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોક્સો એક્ટની કલમ-૪, ૫(એલ), ૬ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાનું તહોમત છે.

**(૨)** નામદાર સુપ્રીમ કોર્ટના દિનેશ વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન (એ.આઈ.આર.૨૦૦૬ એસ. સી. ૧૨૬૭) તથા સ્ટેટ ઓફ કર્ણાટક વિરૂઘ્ઘ પુટ્ટારાજા (૨૦૦૪ ક્રિમીનલ લો રીપોર્ટર સુપ્રિમ કોર્ટ ૧૨) ઉપર પ્રસિઘ્ઘ

થયેલ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, "દુષ્કર્મ/બળાત્કારના કિસ્સામાં ભોગ બનનારનું નામ જજમેન્ટમાં લખવું જોઈએ નહિં." જેથી આ સિધ્ધાંતને આધારે આ કોર્ટ દ્વારા ભોગ બનનાર "....." ના નામનો ઉલ્લેખ આ જજમેન્ટમાં કોઈ જગ્યાએ કરેલ નથી અને માત્ર "ભોગ બનનાર" તે રીતે ઉલ્લેખ કરેલ છે.

(૩) ફરીયાદીની ફરીયાદ હકીકત ટુંકમાં એવી છે કે, તા.૧૬/૦૯/૨૦૨૪ ના કલાક ૨૧:૩૦ થી તા.૧૭/૦૯/૨૦૨૪ ના કલાક ૦૬:૦૦ ના સમયગાળા દરમ્યાન કોઈ પણ સમયે મોજે સીમલીયા ગામેથી આરોપી નાઓ આ કામના ફરીયાદીની સગીરવયની દિકરી ભોગ બનનાર, ઉ.વ.૧૬ નાનીને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી, પટાવી, ફોસલાવી, ફરીયાદીના કાયદેસરના વાલીપણા માંથી અપહરણ કરી લઈ જઈ, ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સંભોગ બળાત્કાર કરી તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ, આરોપીએ બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોક્સો એક્ટની કલમ-૪, ૫(એલ), ૬ મુજબનો ગુનો કરેલાનું ચાર્જશીટ ફરીયાદના આધારે તપાસના અંતે સંતરામપુર પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલ છે.

(૪) સદર કામે ફરીયાદીની ફરીયાદ રજીસ્ટર કરી, સુચિપત્ર તૈયાર કરી આગળની તપાસ પી.આઈ.શ્રી સંતરામપુર નાઓને સાદર કરેલ અને અમલદારશ્રીએ આરોપી વિરૂધ્ધ તપાસ કરતા આ કામના આરોપી તથા ભોગ બનનાર મળી આવતાં ભોગ બનનારનું નિવેદન નોંધતાં તપાસ કરનાર અમલદારશ્રીએ લાગતા-વળગતા સાહેદોનાં નિવેદનો લઈ અને ત્યારબાદ પુરતો પુરાવો જણાતા તેઓને બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૮૭,

૬૪(૨)(એમ) તથા પોક્સો એક્ટની કલમ-૪, ૫(એલ), ૬ હેઠળના ગુનામાં અટક કરેલા અને ત્યારબાદ તપાસ પૂર્ણ થયેથી આરોપી વિરૂધ્ધ અત્રેની સ્પેશીયલ પોક્સો કોર્ટમાં બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોક્સો એક્ટની કલમ-૪, ૫(એલ), ૬ હેઠળના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે. ત્યારબાદ સદરહુ કેસ ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે.

**(૫)** સદર કેસમાં આરોપી જામીન મુક્ત ન હોઈ મુદતે જેલ જાપ્તાથી અત્રેની નામદાર અદાલત સમક્ષ હાજર થતાં અત્રેની સ્પેશયલ પોક્સો કોર્ટ દ્વારા આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ છે અને ત્યારબાદ બી.એન.એસ.એસ.ની કલમ-૨૫૧ અન્વયે સદર આરોપી વિરૂધ્ધ બંને પક્ષકારોને સાંભળી મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા આંક-૦૬ થી બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોક્સો એક્ટની કલમ-૪, ૫(એલ), ૬ મુજબનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તે આરોપીને વાંચી સંભળાવી સમજાવતા તેમજ આરોપીનો આંક-૦૭ થી લેખિત જવાબ (પ્લી) રેકર્ડ કરવામાં આવેલ જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે, ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૬) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ આંક-૦૬ થી ફરમાવવામાં આવેલ તહોમતનામુ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.** (વિગતો દર્શાવતુ પત્રક ક્રિમીનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૩ નામદાર સુપ્રિમ કોર્ટના જનરલ ડાયરેક્શન મુજબ.)

**-::મૌખિક પુરાવો::-**

| **સા.નં.** | **આંક** | **સાહેદોના નામ** | **વિગત** |
|---|---|---|---|
| ૧. | **૧૦** | ભોગ બનનારના પિતાની સોગંદ ઉપરની જુબાની (હોસ્ટાઈલ) | ફરીયાદી |
| ૨. | **૧૪** | ભોગ બનનારના માતાની સોગંદ ઉપરની જુબાની (હોસ્ટાઈલ) | સાહેદ |
| ૩. | **૧૬** | ડો.ધારાબેન વીરસીંગભાઈ ડામોરની સોગંદ ઉપરની જુબાની | મેડીકલ ઓફીસર |
| ૪. | **૨૫** | સુરતાનભાઈ દલાભાઈ ડામોરની સોગંદ ઉપરની જુબાની | પ્રગતી વિદ્યાલયના આચાર્ય |
| ૫. | **૨૮** | ડો.જાગૃતીબેન વી. વસાવાની સોગંદ ઉપરની જુબાની | મેડીકલ ઓફીસર (ગાયનેક) |
| ૬. | **૩૦** | ડિમ્પલબેન અનુપમભાઈ પટેલની સોગંદ ઉપરની જુબાની | ગુનાવાળી જગ્યાના પંચનામાના, ભોગ બનનાર અને આરોપીના કપડા કબજે કર્યાના પંચનામાના, આરોપીએ બતાવેલ ગુનાવાળી જગ્યાના પંચનામાના, ભોગ બનનારે બતાવેલ બળાત્કારવાળી અને ગુનાવાળી |

| | | | |
|---|---|---|---|
| | | | જગ્યાના પંચનામાઓના પંચ |
| ૭. | **૪૭** | ભોગ બનનારની સોગંદ ઉપરની જુબાની (હોસ્ટાઈલ) | ભોગ બનનાર |
| ૮. | **૫૪** | જીતેન્દ્રકુમાર સોમાભાઈ મહીડાની સોગંદ ઉપરની જુબાની | તપાસ કરનાર અમલદાર |
| ૯. | **૫૬** | નિલાબેન પ્રભાતસિંહ બારીયાની સોગંદ ઉપરની જુબાની | દાખલ કરનાર અમલદાર |
| ૧૦. | **૬૨** | રમેશકુમાર ડાહ્યાભાઈ પટેલની સોગંદ ઉપરની જુબાની | તપાસ કરનાર અમલદાર |
| ૧૧. | **૬૩** | કલ્પેશકુમાર કેતનભાઈ ડીંડોરની સોગંદ ઉપરની જુબાની | તપાસ કરનાર અમલદાર |

**–::દસ્તાવેજી પુરાવાઓ::–**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજોની વિગત** | **સાબિત કરેલ કે સાક્ષ્ય કરેલ સાહેદ** |
|---|---|---|---|
| ૧. | **૧૧** | ફરીયાદ | સાહેદ નં.૦૧ |
| ૨. | **૧૨** | ભોગ બનનારનું બોનાફાઈડ સર્ટી. | સાહેદ નં.૦૧ |
| ૩. | **૧૩** | ભોગ બનનારના પિતાનું સમંતિપત્રક | સાહેદ નં.૦૧ |
| ૪. | **૧૫** | ભોગ બનનારના માતાનું સમંતિપત્રક | સાહેદ નં.૦૨ |
| ૫. | **૧૭** | પોલીસ યાદી | સાહેદ નં.૦૩ |

| | | | |
|---|---|---|---|
| ૬. | **૧૮** | ભોગ બનનારનું મેડીકલ સર્ટી. | સાહેદ નં.૦૩ |
| ૭. | **૧૯** | ભોગ બનનારના શરીર પરથી સેમ્પલ લીધા બાદ પોલીસને આપેલ ફોરવર્ડીંગ પત્ર | સાહેદ નં.૦૩ |
| ૮. | **૨૦** | ભોગ બનનારના મેડીકલ પેપર | સાહેદ નં.૦૩ |
| ૯. | **૨૧** | પોલીસ યાદી | સાહેદ નં.૦૩ |
| ૧૦. | **૨૨** | આરોપીનું મેડીકલ સર્ટી. | સાહેદ નં.૦૩ |
| ૧૧. | **૨૩** | આરોપીના શરીર પરથી સેમ્પલ લીધા બાદ પોલીસને આપેલ ફોરવર્ડીંગ પત્ર | સાહેદ નં.૦૩ |
| ૧૨. | **૨૪** | આરોપીના મેડીકલ પેપર | સાહેદ નં.૦૩ |
| ૧૩. | **૨૬** | યાદી | સાહેદ નં.૦૪ |
| ૧૪. | **૨૭** | શાળાના જનરલ રજીસ્ટરની નકલ | સાહેદ નં.૦૪ |
| ૧૫. | **૨૯** | ભોગ બનનારનું ગાયનેકોલોજીસ્ટ તપાસણી અભિપ્રાય | સાહેદ નં.૦૫ |
| ૧૬. | **૩૧** | ગુનાવાળી જગ્યાનુ પંચનામું | સાહેદ નં.૦૬ |
| ૧૭. | **૩૨ થી ૩૬** | પંચસ્લીપો | સાહેદ નં.૦૬ |
| ૧૮. | **૩૭** | ભોગ બનનારના કપડા કબજે કર્યાનું પંચનામું | સાહેદ નં.૦૬ |
| ૧૯. | **૩૮, ૩૯** | પંચસ્લીપો | સાહેદ નં.૦૬ |
| ૨૦. | **૪૦** | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું | સાહેદ નં.૦૬ |
| ૨૧. | **૪૧** | આરોપીએ બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું | સાહેદ નં.૦૬ |

| | | | |
|---|---|---|---|
| ૨૨. | **૪૨** | ભોગ બનનારે બતાવેલ બળાત્કારવાળી જગ્યાનું પંચનામું | સાહેદ નં.૦૬ |
| ૨૩. | **૪૩ થી ૪૫** | ભોગ બનનારે બતાવેલ ગુનાવાળી જગ્યાના પંચનામાઓ | સાહેદ નં.૦૬ |
| ૨૪. | **૪૮** | ભોગ બનનારનું સમંતિપત્રક | સાહેદ નં.૦૭ |
| ૨૫. | **૪૯** | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩નુ નિવેદન | સાહેદ નં.૦૭ |
| ૨૬. | **૫૭** | સુચિપત્ર | સાહેદ નં.૦૯ |
| ૨૭. | **૫૮** | સ્ટેશન ડાયરીના ઉતારાની પ્રમાણિત નકલ | સાહેદ નં.૦૯ |
| ૨૮. | **૫૯** | ભારે ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ | સાહેદ નં.૦૯ |
| ૨૯. | **૬૪** | યાદી | સાહેદ નં.૧૧ |
| ૩૦. | **૬૫** | બે સરકારી પંચો ફાળવ્યા અંગે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી પાણી પુરવઠા વિભાગ સંતરામપુરનો હુકમ | સાહેદ નં.૧૧ |
| ૩૧. | **૬૬, ૬૭** | યાદીઓ | સાહેદ નં.૧૧ |
| ૩૨. | **૬૮** | ફેરબદલી ફોર્મ | સાહેદ નં.૧૧ |
| ૩૩. | **૬૯, ૭૦** | જનરલ હોસ્પિટલ ગોધરાના ઓપીડી કેસ પેપર્સો | સાહેદ નં.૧૧ |
| ૩૪. | **૭૧** | પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી સંતરામપુર પોલીસ સ્ટેશન નાઓએ પોલીસ | સાહેદ નં.૧૧ |

| | | | |
|---|---|---|---|
| | | અધિક્ષકશ્રી મહીસાગરનાઓને ગુન્હાના કામે પાઠવેલ પ્રગતી અહેવાલ | |
| ૩૫. | **૭૨** | ભોગ બનનાર ગુમ થયા અંગે પોલીસ અધિક્ષકશ્રી મહીસાગરનાઓને કરેલ યાદી તથા પરિશિષ્ટ–ક–૧ | સાહેદ નં.૧૧ |
| ૩૬. | **૭૩** | ભોગ બનનાર પરત મળ્યા અંગે પોલીસ અધિક્ષકશ્રી મહીસાગરનાઓને કરેલ યાદી તથા પરિશિષ્ટ–ક–૧ | સાહેદ નં.૧૧ |
| ૩૭. | **૭૪** | યાદી | સાહેદ નં.૧૧ |
| ૩૮. | **૭૫** | એફ.એસ.એલ. વડોદરાની રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર | સાહેદ નં.૧૧ |
| ૩૯. | **૭૬** | એફ.એસ.એલ. વડોદરાની જમા પહોંચ | સાહેદ નં.૧૧ |
| ૪૦. | **૭૭** | એફ.એસ.એલ. વડોદરાનાઓનો ફોરવર્ડીગ પત્ર | સાહેદ નં.૧૧ |
| ૪૧. | **૭૮** | એફ.એસ.એલ. વડોદરાનાઓનો બાયોલોજી તથા સીરોલોજીકલ પરીક્ષણનો અહેવાલ | સાહેદ નં.૧૧ |

**મુદ્દામાલ અંગેનો પુરાવો:–**

| **મુદ્દામાલ આર્ટીકલ નં.** | **વર્ણન** | **સાબિત કરેલ કે સાક્ષ્ય કરેલ સાહેદ** |
|---|---|---|
| ૧. | સાડી | સાહેદ નં.૦૬ |
| ૨. | ચણીયો | સાહેદ નં.૦૬ |
| ૩. | બ્લાઉઝ | સાહેદ નં.૦૬ |
| ૪. | નીકર | સાહેદ નં.૦૬ |
| ૫. | મોબાઈલ | સાહેદ નં.૦૬ |
| ૬. | શર્ટ | સાહેદ નં.૦૬ |
| ૭. | પેન્ટ | સાહેદ નં.૦૬ |

(૭) આ કામે ફરીયાદપક્ષે સરકાર તરફે વિ.એ.જી.પી.શ્રીએ **આંક–૭૯** થી પુરાવા બંધની પુરશીસ રજુ કરેલ છે અને ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરતી પુરશીસ રજુ કરવામાં આવેલ છે.

(૮) સદરહુ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધ્યા બાદ આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ હેઠળ વધારાનું નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેમનાં રૂબરૂ અને સાંભળતાં લેવામાં આવેલ હોવાનો હકારમાં તથા અન્ય તમામ સવાલોનો નકારમાં જવાબ આપી આરોપીએ વિશેષમાં તેઓ તદ્દન નિર્દોષ છે તેઓને સદર ગુન્હામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. તેઓએ આવો કે, આવા પ્રકારનો કોઈ ગુન્હો કરેલ નથી. વધુમાં બચાવપક્ષ તરફે સાહેદો તપાસવાનો તથા સોગંદ પર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે.

(૯) સદર કામે ફરીયાદીના વિ.વ.શ્રી સી.જી.જોષી નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષ ૦૨ માસ અને ૦૧ દિવસની હોવા છતાં, આરોપીએ લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી, પટાવી,

ફોસલાવી, ફરીયાદીના કાયદેસરના વાલીપણા માંથી અપહરણ કરી લઈ જઈ, ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સંભોગ બળાત્કાર કરી બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોક્સો એક્ટની કલમ-૪, ૫(એલ), ૬ મુજબનો ગુનો કરેલાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ તેનો ઈન્કાર કરતા ફરિયાદ પક્ષ તરફથી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષ તરફથી રજૂ થયેલ પુરાવાઓ ઉપરથી ભોગ બનનારના પિતાની આંક-૧૦ ની જુબાનીમાં ભોગ બનનાર ધોરણ-૧૨ સુધી અભ્યાસ કરેલ હોવાનું જણાવેલ છે. તેમજ ભોગ બનનારના માતાની આંક-૧૪ ની જુબાનીમાં ભોગ બનનાર ધોરણ-૧૨ સુધી અભ્યાસ કરેલ હોવાનું જણાવેલ છે. તેમજ પંચોએ પણ તેમની રૂબરૂમાં પંચનામાઓ થયેલ હોવાનું જણાવેલ છે અને ભોગ બનનારની ઉંમર પુરવાર કરવા માટે આંક-૧૦ થી તપાસેલ સાહેદ ભોગ બનનારના પિતાની જુબાનીથી આંક-૧૨ થી ભોગ બનનારનું બોનાફાઈડ સર્ટી અને આંક-૨૫ થી તપાસેલ સાહેદ પ્રગતી વિદ્યાલયના આચાર્ય સુરતાનભાઈ દલાભાઈ ડામોરની જુબાનીથી આંક-૨૭ થી શાળાના જનરલ રજીસ્ટરની નકલ રજુ થયેલ છે જે બંને દસ્તાવેજમાં ભોગ બનનારની જન્મ તા.૧૫/૦૭/૨૦૦૮ ની દર્શાવેલ છે. આમ, ભોગ બનનાર ની ઉંમર બનાવ સમયે ૧૬ વર્ષ ૦૨ માસ અને ૦૧ દિવસની સ્કૂલના રેકર્ડ પ્રમાણે થાય છે અને ભોગ બનનાર ના માતા-પિતાની હકીકત માની લેવામાં આવે તો પણ ભોગ બનનાર ની ઉંમર ૧૮ વર્ષ કરતાં નાની હોય તેથી માયનોર હોવાનું ફરિયાદ પક્ષે પુરવાર કરેલ છે. ભોગ બનનાર તેમની જુબાનીમાં બનાવની હકીકતને તેઓ સમર્થન કરતા નથી તેથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. પરંતુ સદર કામે તપાસ કરનાર

અમલદારે તમામના નિવેદનો પણ લીધેલા છે અને તેઓએ નિવેદનમાં ભોગ બનનાર સાથે જે બનાવ બનેલ તે હકીકત જણાવેલ હોય તે તપાસ કરનાર અમલદારે આંક–૬૩ ની પોતાની જુબાનીમાં વિગતવાર જણાવેલ હોય જેથી ફરિયાદપક્ષની હકીકત તે જ રીતે પુરવાર થયેલ છે. તપાસ કરનાર અમલદારને ન માનવાને કોઈ કારણ નથી.

**(૯.૧)** વધુમાં તેઓએ દલીલ કરતાં જણાવેલ છે કે, સદર કામે આંક–૧૬ થી સાહેદ નં.૦૩ તરીકે ડો.ધારાબેન વીરસીંગભાઈ ડામોરનાઓને તપાસેલ છે, જેઓએ ભોગ બનનાર અને આરોપીની મેડિકલ તપાસણી કરેલી અને નમૂનાઓ લીધેલા તેમજ હિસ્ટ્રી અંગેની હકીકતો જણાવેલ છે. તેથી તે પણ બનાવ અંગેની હકીકતને સમર્થન મળેલ છે ભોગ બનનારની જુબાનીમાં ભોગ બનનાર હોસ્ટાઈલ થયેલ હોય પરંતુ, તેણીનું બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ નું નિવેદન રજુ થયેલ છે જે નિવેદનમાં પણ તેણીએ આરોપી ચાલતો બટકવાડા ગામે લઈ ગયેલ હોવાનું જણાવેલ છે ત્યારે, તે હકીકત સ્પષ્ટ રીતે પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે છે અને ગાયનેક ડો. જાગૃતીબેન વી. વસાવાની જુબાની જોવામાં આવે તો, તેમણે પણ જણાવેલ છે કે, ભોગ બનનારની આંતરીક તપાસ કરતા યોની પટલ પર જુની ઈજાઓ હતી અને યોની પટલ જુનુ ફાટેલ હોવાનુ જણાવેલ છે. આમ, ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સંભોગ બળાત્કાર કરેલાનું પણ નકારી શકાય તેમ નથી. મેડીકલ એવીડન્સથી સમર્થન મળેલ છે. જેથી આરોપીને કસુરવાર ઠરાવવા માટે અરજ કરેલ છે.

**(૧૦)** સદર કામે આરોપી તરફે વિ.વ.શ્રી જે.એસ.પંડ્યા નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, ભોગ બનનારના માતા–પિતા ભોગ બનનાર સાથે

દુષ્કર્મ થયેલ હોવાની કે તેણીનું કોઈ અપહરણ કરીને લઈ ગયેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા નથી તેઓને ફરી ગયેલ હોવાના જાહેર કરી પ્રશ્નો કરવા છતાં, સમર્થન કરેલ નથી. તે જ મુજબ ભોગ બનનારે પણ બનાવની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જ્યારે વિકટીમ જ તેણીના સાથેના કૃત્યને સમર્થન કરેલ ન હોય તેથી કોઈ બનાવ બનેલ હોય તેવું સાંયોગિક પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર થતું નથી. સદર ફરીયાદ ૩૮ દિવસ મોડી કરવામાં આવેલ છે અને ફરીયાદ મોડી કરવા બાબતનું કોઈ કારણ ફરીયાદપક્ષ તરફથી જણાવવામાં આવેલ નથી. આમ, સદર કામે તપાસ કરનાર અમલદારે ભોગ બનનાર ના નમુના મેળવી એફ.એસ.એલ.માં મોકલેલ હતા તે આંક–૭૮ થી રજૂ થયેલ એફ.એસ.એલ.ના રિપોર્ટમાં પણ ભોગ બનનારના કપડા ઉપરથી કે વજાઈનલ સ્વોબમાં કોઈ વીર્ય મળી આવેલું નથી. તેમજ બંને ડોક્ટરોની જુબાનીમાં પણ ભોગ બનનારના શરીર ઉપર જબરજસ્તી કર્યા અંગેના કોઈ નિશાન જોવા મળેલ હોય તેવી પણ લેશમાત્ર હકીકત રેકર્ડ પર આવેલ નથી. આમ, ભોગ બનનારને કોઈ આંતરીક કે બાહ્ય ઈજાઓ થયેલ હોવાનું જણાઈ આવતું નથી. જેથી આરોપી વિરૂધ્ધનો કેસ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટે અરજ કરેલ છે.

**(૧૧) મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.**

**–:મુદ્દા:–**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૬/૦૯/૨૦૨૪ ના કલાક ૨૧:૩૦ થી તા.૧૭/૦૯/૨૦૨૪ ના કલાક ૦૬:૦૦ ના સમયગાળા

દરમ્યાન કોઈ પણ સમયે મોજે સીમલીયા ગામેથી આરોપી નાઓ આ કામના ફરીયાદીની સગીરવયની દિકરી ભોગ બનનાર, ઉ.વ.૧૬ નાનીને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી, પટાવી, ફોસલાવી, ફરીયાદીના કાયદેસરના વાલીપણા માંથી અપહરણ કરી લઈ જઈ, ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સંભોગ બળાત્કાર કરી તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ, આરોપીએ બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોક્સો એક્ટની કલમ–૪, ૫(એલ), ૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**(૧૨) ઉપરોક્ત નિર્ણીત મુદ્દા અંગે મારા નિર્ણય નીચે મુજબ છે.**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**–:: નિર્ણય માટેનાં કારણો::–**

**મુદ્દા નંબર:–૧ ની ચર્ચા.**

**(૧૩)** બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતાં તેમજ આ કામે આરોપી વિરૂધ્ધ નોંધાયેલ ગુન્હાની હકીકત જોતા, આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોક્સો એક્ટની કલમ–૪, ૫(એલ), ૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો નોંધાયેલ છે અને તે મુજબનો આરોપી વિરૂધ્ધ આંક–૦૬ થી તહોમતનામું ફરમાવેલ છે તે ધ્યાને લેતાં તેમજ સદરહુ કલમો હેઠળ આરોપી વિરૂધ્ધ ગુન્હો પુરવાર કરવા માટે

ફરીયાદપક્ષે સદર કલમો હેઠળ મહત્વનાં પુરવાર કરવા જરૂરી છે, તે સંજોગોમાં સદર કલમો પૈકી મુખ્ય કલમ બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોક્સો એક્ટની કલમ–૪, ૫(એલ), ૬ હેઠળના મહત્વના તત્વો ધ્યાને લેવાના રહે છે. જેમાં બી.એન.એસ.ની કલમ–૬૪(૨) બળાત્કારની શિક્ષાત્મક જોગવાઈ માટે બળાત્કાર કોને કહેવાય તે અંગેની જોગવાઈ કલમ–૬૩ માં કરવામાં આવેલ હોઈ તે હેઠળનાં મહત્વનાં તત્વો વંચાણે લેવામાં આવે તેમજ પોકસો એક્ટ કલમ–૪ "પ્રવેશ જાતિય હુમલા" ની શિક્ષાની જોગવાઈ કરવામાં આવેલ હોઈ, "પ્રવેશ જાતિય હુમલો" કોને કહેવાય તેની જોગવાઈ કલમ–૩ માં કરેલ હોઈ તેથી તેના મહત્વના તત્વો વંચાણે લેતાં તથા કલમ–૬ હેઠળ "ગંભીર પ્રવેશકીય જાતિય હુમલો" કોને કહેવાય તેની જોગવાઈ કરેલ હોઈ સદરહુ કલમ હેઠળના તત્વો વંચાણે લેવામાં આવે તો તે ગુન્હાનાં સાર તત્વો નીચે મુજબ છે.

**બી.એન.એસ.ની કલમ–૬૩ બળાત્કાર:–**

કોઈ પુરૂષ બળાત્કાર કરે છે તેમ કહેવાશે જો તે–

(એ) તેનું લિંગ, કોઈપણ હદ સુધી, કોઈ સ્ત્રીની યોનીમાં, મુખમાં, મુત્રમાર્ગમાં અથવા ગુદામાં પ્રવેશ કરાવે, અથવા તેણીને તેની સાથે અથવા બીજી કોઈ વ્યક્તિ સાથે તેવું કરાવે અથવા,

(બી) કોઈ પદાર્થ અથવા લિંગ ન હોય તેવો શરીરનો કોઈપણ ભાગ કોઈ સ્ત્રીની યોનીમાં, મુત્રમાર્ગમાં અથવા ગુદામાં કોઈપણ હદ સુધી પ્રવેશ કરાવે અથવા તેણીને તેની સાથે અથવા બીજી કોઈ વ્યક્તિ સાથે તેવું કરાવે, અથવા

(સી) કોઈ સ્ત્રીના શરીરના કોઈપણ ભાગને મેન્યુપ્લેટ કરે જેથી સ્ત્રીની યોનીમાં, મુત્રમાર્ગમાં અથવા ગુદામાં અથવા તેવી સ્ત્રીના શરીરના કોઈપણ ભાગમાં ઉત્તેજના થાય અથવા તેણીને તેની સાથે અથવા બીજી કોઈ વ્યક્તિ સાથે તેવું કરાવે, અથવા

(ડી) તેનું મુખ કોઈ સ્ત્રીની યોનીમાં, મુત્રમાર્ગમાં અથવા ગુદામાં મુકે અથવા તેણીને તેની સાથે અથવા બીજી કોઈ વ્યક્તિ સાથે તેવું કરાવે,

તો નીચે જણાવેલી ૭ બાબતો પૈકીના કોઈપણ સંજોગો હેઠળ

(૧) તે સ્ત્રીની ઈચ્છા વિરૂદ્ધ

(૨) તે સ્ત્રીની સમંતિ વિના

(૩) તે સ્ત્રીને અથવા જે વ્યક્તિમાં તેણીનું હિત હોય, તે કોઈપણ વ્યક્તિને મૃત્યુ અથવા વ્યથાના ભયમાં મુકીને તેણીની સમંતિ મેળવવામાં આવી હોય ત્યારે તેણીની સમંતિથી.

(૪) તે પુરૂષ એમ જાણતો હોય કે પોતે તે સ્ત્રીનો પતિ નથી અને સ્ત્રી પોતે જેની સાથે કાયદેસર રીતે પરણી હોય અથવા પરણી હોવાનું માનતી હોય એવો અન્ય પુરૂષ છે એમ માનીને તે સ્ત્રીએ સમંતિ આપી હોય ત્યારે તેણીની સમંતિથી.

(૫) મગજની અસ્થિરતાને અથવા નશાને કારણે અથવા તે પુરૂષ જાતે અથવા અન્ય વ્યક્તિ મારફતે બેહોશ બનાવે તેવી અથવા અશુદ્ધ પદાર્થ આપવાને કારણે કોઈ સ્ત્રી જેના માટે તેણી સમંતિ આપે છે તેનો પ્રકાર અને પરિણામ સમજવાને અશક્તિમાન હોય, ત્યારે તેણીની સમંતિથી.

(૬) તેણી ૧૮ વર્ષથી ઓછી વયની હોય ત્યારે, તેણીની સમંતિથી અથવા સમંતિ વિના.

(૭) જ્યારે તે સ્ત્રી સમંતિ આપવા માટે અસમર્થ હોય ત્યારે.

**સ્પષ્ટીકરણ:-૧** આ કલમના હેતુઓ માટે "યોની" માં લેબિયા મેજોરાનો પણ સમાવેશ થાય છે.

**સ્પષ્ટીકરણ:-૨** સમંતિ એટલે જ્યારે સ્ત્રી શબ્દો, હાવભાવ અથવા અન્ય પ્રકારે સ્પષ્ટ અથવા અસ્પષ્ટ સંચાર દ્ધારા કોઈ નિર્દિષ્ટ જાતીય ક્રિયામાં પોતાની ઈચ્છાથી ભાગ લેવા માટેનો સ્વૈચ્છિક કરાર.

પરંતુ જો સ્ત્રી અંત:પ્રવેશના કૃત્યનો શારીરિક રીતે વિરોધ ન કરે તો, તેટલા માત્રથી માનવાને કારણ બનશે નહીં કે તેણીએ જાતિય ક્રિયામાં સમંતિ આપી હતી.

**અપવાદ:-૧** તબીબી કાર્યવાહી અથવા તબીબી હસ્તક્ષેપ બળાત્કાર ગણાશે નહીં.

**અપવાદ:-૨** કોઈ પુરૂષ દ્ધારા ૧૮ વર્ષની ઓછી વયની ન હોય તેવી પોતાની પત્ની સાથેનો સંભોગ અથવા જાતીય ક્રિયા બળાત્કાર નથી.

**બી.એન.એસ.ની કલમ-૬૪(૨)(એમ) બળાત્કારની શિક્ષા:-**

જે કોઈ વ્યક્તિ, તે જ સ્ત્રી પર વારંવાર બળાત્કાર કરે તો તેને ૧૦ વર્ષથી ઓછી નહીં તેવી પરંતુ આજીવન કેદ એટલે તેના બાકી રહેતા કુદરતી આયુષ્ય સુધી લંબાવી શકાય તેવી સખત કેદની શિક્ષા કરવામાં આવશે અને દંડને પણ પાત્ર થશે.

**બી.એન.એસ.ની કલમ-૮૭ કોઈ સ્ત્રીને લગ્ન વગેરે કરવાની ફરજ પાડવા માટે તેનું અપહરણ કરવા, અપનયન કરવા અથવા પ્રેરિત કરવા બાબત:-**

જે કોઈ વ્યક્તિ, કોઈ સ્ત્રીને તેની ઈચ્છા વિરૂધ્ધ કોઈ વ્યક્તિ સાથે લગ્ન કરવાની ફરજ પાડવાના ઈરાદાથી અથવા તેને ફરજ પાડવામાં આવશે એવો સંભવ હોવાનું જાણવા છતાં અથવા તેને લગ્ન બાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવાના અથવા તેમ કરવા માટે ફોસલાવવાના ઈરાદાથી અથવા તેમ કરવામાં આવશે એવો સંભવ હોવાનું જાણવા છતાં તેનું અપહરણ કરે અથવા અપનયન કરે, તેને દસ વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે, અને જે કોઈ વ્યક્તિ, કોઈ સ્ત્રીને અન્ય વ્યક્તિ સાથે લગ્ન બાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવાના અથવા તેમ કરવા માટે ફોસલાવવાના ઈરાદાથી અથવા તેમ કરવામાં આવશે તેમ કરવામાં આવશે એવો સંભવ હોવાનું જાણવા છતાં તે સ્ત્રીને આ સંહિતામાં વ્યાખ્યા કર્યા મુજબની ગુનાહિત ધમકીથી અથવા અધિકારનો દુરુપયોગ કરીને  અથવા બીજી કોઈ રીતે જબરદસ્તી કરીને અમુક સ્થળેથી જવા માટે દબાણ કરે તેને પણ ઉપર જણાવ્યા મુજબની શિક્ષા કરવામાં આવશે.

**બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨) અપહરણ:–**

જે કોઈ વ્યક્તિ, બીજી કોઈ વ્યક્તિનું ભારતમાંથી અથવા કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરે, તેને સાત વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

**બી.એન.એસ.ની કલમ–૧૩૭(૧)(બી) કાયદેસરના વાલીપણામાંથી અપહરણ:–**

(૧) અપહરણ બે પ્રકારના છે: ભારતભાંથી અપહરણ અને કાયદેસરના વાલીપણામાંથી અપહરણ.

કોઈ બાળકને અથવા અસ્થિર મગજની કોઈ વ્યક્તિને તેવા બાળક અથવા અસ્થિર મગજની કોઈ વ્યક્તિના કાયદેસરના વાલીપણામાંથી એવા વાલીની સમંતિ વિના જે કોઈ વ્યક્તિ, લઈ જાય અથવા ફોસલાવીને લઈ જાય, તેણે એવા બાળકનું અથવા એ વ્યક્તિનું અથવા એ વ્યક્તિનું કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કર્યું કહેવાય.

**સ્પષ્ટીકરણ:–** આ કલમમાં 'કાયદેસરના વાલી' એ શબ્દોમાં એવા બાળકની અથવા અન્ય વ્યક્તિની સંભાળ અથવા હવાલો જે વ્યક્તિને કાયદેસર રીતે સોંપવામાં આવ્યો હોય તે વ્યક્તિનો સમાવેશ થાય છે.

**અપવાદ:–** શુદ્ધબુદ્ધિથી પોતાને કોઈ અનૌરસ બાળકનો પિતા માનતી હોય અથવા એ બાળકને કાયદેસર હવાલામાં રાખવાનો પોતાનો હક હોવાનું માનતી હોય એવી કોઈ વ્યક્તિના કૃત્યને આ કલમ લાગુ પડતી નથી, સિવાય કે એવું કૃત્ય અનૈતિક અથવા કાયદા વિરૂદ્ધના હેતુ માટે કરવામાં આવ્યું હોય.

## ધી પોક્સો એકટ ૨૦૧૨ની કલમ–૪, ૫(એલ),૬ માં ઠરાવેલ કાયદાની જોગવાઈ નીચે મુજબ છે.

**કલમ–૩ પ્રવેશ જાતિય હુમલો.**

''પ્રવેશ જાતીય હુમલો'' કરનાર વ્યકિત આમાનું કાંઈ કરે, જો–

(એ) તે (પુરૂષ) પોતાનું શિશ્નને, બાળના યોનિમાર્ગમાં, મોઢામાં, મુત્રમાર્ગમાં અથવા ગુદા/મળદ્વારમાં, કોઇ પણ સીમા સુધી, પ્રવેશ કરાવે અથવા તો બાળકને પોતાની સાથે અથવા કોઇ વ્યકિત સાથે આવું કરાવે અથવા

(બી) તે કોઇપણ વસ્તુ (સાધન) અથવા શરીરનો કોઇ ભાગ, પ્રાકૃતિક શિશ્ન સિવાય, બાળકના યોનિમાર્ગ, મુત્રમાર્ગ અથવા ગુદામાં દાખલ કરે અથવા બાળકને પોતાની સાથે અથવા અન્ય કોઇ પણ વ્યકિત સાથે આવું કરાવે અથવા

(સી) તે બાળકના શરીરના કોઇ પણ ભાગને ચાલાકીથી બાળકના યોનિમાર્ગ, મુત્રમાર્ગ, ગુદા અથવા બાળકના શરીરના કોઇ પણ ભાગમાં અંગ–પ્રવેશ કરાવે અથવા બાળકને પોતાની સાથે અથવા અન્ય કોઇ વ્યકિત સાથે આવું કરાવે અથવા

(ડી) તે બાળકના શિશ્ન, યોનિ, મુત્રમાર્ગ, ગુદા સાથે પોતાના મોઢાનો ઉપયોગ અથવા બાળકને પોતાની સાથે અન્ય કોઇ પણ વ્યકિત સાથે આવું કરાવે.

**કલમ–૪ : પ્રવેશકીય જાતીય હુમલા બદલની શિક્ષાઃ**

જો કોઇ પ્રવેશકીય જાતીય હુમલો કરે તેને બે પૈકી કોઈપણ પ્રકારની (દસ વર્ષથી) ઓછી ન હોય તેવી પરંતુ આજીવન કેદ સુધી લંબાવી શકાય તેટલી કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડની શિક્ષાને પાત્ર પણ થશે.

**કલમ–૫(એલ) ગંભીર પ્રવેશકીય જાતિય હુમલો :**

જે કોઇ પણ વ્યકિત કોઈ બાળક ઉપર એકથી વધુ વખત કે વારંવાર પ્રવેશકીય જાતિય હુમલો કરે.

**કલમ–૬ ગંભીર પ્રવેશકીય જાતિય હુમલા બદલની શિક્ષા :**

જે કોઈ, ગંભીર પ્રવેશકીય જાતિય હુમલો કરે તેને વીસ વર્ષથી ઓછી નહિં તેવી પરંતુ આજીવન કેદ સુધી લંબાવી શકાય તેટલી સખ્ત કેદની શિક્ષા થશે કે જેનો અર્થ તેના બાકી રહેલ કુદરતી જીવનના અંત સુધીનો ગણાશે તેમજ તે દંડ માટે પણ જવાબદાર થશે અથવા મૃત્યુ દંડ પણ થશે.

**કલમ–૨૯ અમુક ગુનાઓ અંગે માની લેવા બાબત :**

જયાં કોઇ વ્યકિત વિરૂધ્ધ આ અધિનિયમની કલમ ૩,૫,૭ અને કલમ ૯ હેઠળનો કોઇ ગુનો કરવા અથવા મદદગારી કરવા અથવા તેનો પ્રયાસ કરવા બદલ કાનુની કાર્યવાહી કરવામાં આવે, ત્યારે વિરૂધ્ધનું પુરવાર કરવામાં આવે તે સિવાય, ખાસ અદાલત, તે વ્યક્તિએ યથા પ્રસંગ, ગુનો કરેલ છે અથવા મદદગારી કરેલ છે અથવા તેનો પ્રયાસ કરેલ છે તેવું માની લેશે.

**કલમ–૩૦ ગુનાહિત માનસીક સ્થિતિ અંગે માની લેવા બાબત :–**

(૧) આ અધિનિયમ હેઠળના કોઈપણ ગુના માટે કોઈ ઈન્સાફી કાર્યવાહીમાં કે જેમાં આરોપીની ગુનાહિત માનસીક સ્થિતિ આવશ્યક હોય ત્યારે ખાસ અદાલત આવી માનસીક સ્થિતિ અસ્તિત્વમાં હોવાનુ માની લેશે પરંતુ આરોપીને પોતાના બચાવમાં એ હકીકત પુરવાર કરવી પડશે કે, તે ઈન્સાફી કાર્યવાહીમાં જે

કૃત્યના સંદર્ભમાં તેની ઉપર ગુનાનુ તહોમત મુકવામાં આવેલ છે, તે મુજબની તેની માનસીક સ્થિતિ ન હતી.

(૨) આ કલમના હેતુ માટે, કોઈ હકીકત પુરવાર થયેલી ત્યારે જ કહેવામાં આવશે કે જયારે ખાસ અદાલત તેનુ અસ્તિત્વ વ્યાજબી શંકાથી પર હોવાનુ માનશે, નહિં કે જયારે તેનુ અસ્તિત્વ માત્ર સંભાવનાઓની પ્રબળતાના આધારે સ્થાપિત કરવામાં આવેલ હોય.

**સ્પષ્ટીકરણ –** આ કલમમાં, "ગુનાહિત માનસીક સ્થિતિ" માં ઈરાદો, હેતુ, હકીકતનુ જ્ઞાન કે માન્યતા અથવા કોઈ હકીકત માની લેવાના કારણનો સમાવેશ થાય છે.

**(૧૪)** આમ, ઉપર મુજબના બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોક્સો એક્ટની કલમ–૪, ૫(એલ), ૬ હેઠળનાં મહત્વના તત્વો ધ્યાને લેતાં તથા સજાની જોગવાઇ ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ તેમનો કેસ પુરવાર કરવામાં કેટલે અંશે સફળ નિવડેલ છે, તે અંગે જોવામાં આવે તો ફરીયાદપક્ષે નીચે મુજબનો પુરાવો વંચાણે લેતા,

**(૧૫)** ફરીયાદપક્ષે આંક–૨૫ થી સાહેદ નં.૦૪ તરીકે પ્રગતી વિદ્યાલયના આચાર્ય સુરતાનભાઈ દલાભાઈ ડામોરનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,

"અમારી સ્કુલમાં તા.૦૫/૧૧/૨૦૨૪ના રોજ પોલીસ અધિકારીશ્રીએ યાદી કરેલ તેઓએ ભોગબનનારના ઉંમરના પુરાવા માટે બોનાફાઇડ સર્ટીફીકેટ માગેલ જેથી મે આપેલ. જેમાં ભોગ

બનનારની જન્મ તારીખ ૧૫/૦૭/૨૦૦૮ લખી આપેલ હતી. મને બોનાફાઇડ સર્ટીની માગણી કરેલ તે યાદી બતાવામાં આવે છે જેમાં રીસીવ કરનાર તરીકે અમારા આર્ચાયની સહી છે જે અમો સાથે નોકરી કરતા હોય ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ આંક–૨૬ આપવામાં આવે છે. ત્યારબાદ સદર કામે અમોએ ભોગબનનારનુ બોનાફાઇડ સર્ટીફીકેટ પોલીસ અધિકારીશ્રીને આપેલુ. મને આંક–૧૨વાળુ બોનાફાઇડ સર્ટીફીકેટ બતાવવામાં આવે છે જેમાં મારા આર્ચાયશ્રીની સહી છે જે અમો સાથે નોકરી કરતા હોય હુ ઓળખુ છુ. આજરોજ મારી સાથે શાળાનુ જનરલ રજીસ્ટર લાવેલ છુ. જેમાં ભોગ બનનારનુ નામ જી.આર. રજીસ્ટરમાં નોંધણી ક્રમ નંબર ૨૨૮૦ લખેલ છે જેની નકલ આજરોજ રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક–૨૭ આપવામાં આવે છે."

આમ, તેઓએ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારને શાળામાં એડમીશન આપેલ ત્યારે તેઓ શાળામાં પ્રિન્સીપાલ તરીકે નોકરી કરતા ન હતા. તેઓની શાળાના જી.આર. રજીસ્ટરમાં ભોગ બનનારનુ એડમીશન કોણ લેવા આવેલ તેની નોંધ કરેલ નથી.

**(૧૬)** ફરીયાદપક્ષે આંક–૧૬ થી સાહેદ નં.૦૩ તરીકે ડો.ધારાબેન વીરસીંગભાઈ ડામોરનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,

''હુ તા.૧૮/૧૨/૨૪ ના રોજ સ્ટેટ હોસ્પિટલ સંતરામપુર ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતી હતી તે દરમીયાન મહીલા

પો.કો. ઇંદુબેન બ.નં. ૯૧૮ નાઓ બપોરના ૧૨.૦૭ કલાક પોલીસ ચાદી સાથે ભોગબનનાર, ઉ.વ. ૧૬ વરસ ૫ મહીના, રહે. સીમલીયા, તા–સંતરામપુર નાઓને મેડીકલ તપાસણી માટે મારી સમક્ષ લાવેલ. હુ આજરોજ મારી સાથે મને મળેલ પોલીસ યાદી લઇને આવેલ છુ જે જોતા જેમાં મારી રીસીવ કર્યા અંગેની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને સંયુક્ત રજુ દાખલ આંક–૧૭ આપવામાં આવે છે. સદરહુ યાદીના આધારે મે ભોગ બનનારની મેડીકલ તપાસણી કરેલ તે દરમ્યાન ભોગ બનનાર સભાન અવસ્થામા હતા. ભોગ બનનારને બનાવની હીસ્ટ્રી પુછતા તેણીએ જણાવેલ કે, "હુ શૈલેષને ૧૭/૧૦/૨૦૨૪ના રોજ રાતના બાર વાગે સીમલીયાથી લઇને હાલોલ જતી રહી હતી. ત્યા તેના (શૈલેષ)ના જીજાજીના ઘરે અઠવાડીયુ રોકાચા હતા ત્યારબાદ અમે ધારકડી (અમરેલી) જતા રહયા હતા ત્યા બે મહીના શૈલેષના દોસ્તની વાડીએ રોકાયા તે દરમ્યાન અમારી વચ્ચે બંનેની સમંતીથી પંદર થી વીસ વખત શારીરીક સંબંધ બાંધ્યો હતો ત્યારબાદ અમે રાજકોટ તબેલામાં કામ કરવા ગયા હતા અને ત્યા જ બે દીવસ રોકાચેલા ત્યાથી અમને પોલીસે ૧૭/૧૨/૨૦૨૪ના રોજ રાત્રે ૧૧.૦૦ વાગે પકડી લાવ્યા હતા." ભોગ બનનારને કોઈ ઈજાઓ જણાચેલ નહી. ત્યારબાદ ભોગ બનનારના શરીર ઉપરથી નીચે મુજબના સેમ્પલ લીધેલા. (૧) વજાઇનલ સ્વોબ, (૨)પ્યુબીક હેર, (૩)સલાઇવા, (૪) હેડ હેર, (૫)બ્લડવીથ ઈ.ડી.ટી.એ., (૬)બ્લડ પ્લેન, (૭) નખ, (૮) પેશાબ તથા (૯) પેરી વજાઈનલ સ્વોબ તથા (૧૦)

એકઝીલરી હેર લીધેલા અને સદરહુ નમુના મે પોલીસને શીલ બંધ હાલતમાં આપેલા. ત્યારબાદ તેની ગાયનેક તપાસ માટે અમોએ અમારી સ્ટેટ હોસ્પીટલ ખાતે રીફર કરેલા. ભોગ બનનારની મેડીકલ તપાસણી કર્યા બાદ મે એમ.એલ.સી.સર્ટીફીકેટ આપેલું. મને ભોગ બનનારને આપેલ એમ.એલ.સી.સર્ટી બતાવવામાં આવે છે. જેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૧૮ આપવામાં આવે છે. આજરોજ મારી સાથે સેમ્પલ લીધા બાદ પોલીસને આપેલ ફોરવડીંગ પત્ર રજુ કરુ છું જેને રજુ દાખલ આંક–૧૯ આપવામાં આવે છે તથા ભોગ બનનારના મેડીકલ પેપર (કુલ પેજ–૧) મારી સાથે લાવેલ છુ જે રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક–૨૦ આપવામાં આવે છે. તે જ દીવસે પો.કો. અશ્વીનભાઈ લાલસીહભાઈ બ.નં ૩૨૪ નાઓ બપોરના ૧૨.૦૭કલાકે પોલીસ યાદી સાથે આરોપી શૈલેષભાઈ કુલાભાઈ તાવીયાડ, ઉ.વ. ૧૯ રહે, સીમલીયા, તા.સંતરામપુર નાઓને મેડીકલ તપાસણી માટે મારી સમક્ષ લાવેલ. આજરોજ મારી સાથે આરોપીને લઈને આવેલાની પોલીસ યાદી લાવેલ છુ જેમાં રીસીવ તરીકે મારી સહી છે જે મને બતાવવામાં આવે છે જેમાં મારી રીસીવ કર્યા અંગેની સહી છે જે હુ ઓળખી બતાવું છુ જેને સંયુકત રજુ દાખલ આંક–૨૧ આપવામાં આવે છે. સદરહુ યાદીના આધારે મે આરોપીની મેડીકલ તપાસણી કરેલ તે દરમ્યાન આરોપી સભાન અવસ્થામાં હતા. આરોપીને બનાવની હીસ્ટ્રી પુછતા તેણીએ જણાવેલ કે, "અમે એકબીજાને છ મહીનાથી ઓળખીયે છીએ ત્રણ મહીના પહેલા છોકરીએ ફોન કરીને

મને લેવા આવો આપણે ભાગી જઈએ એમ કહ્યુ હતું તા.૧૭/૧૦/૨૦૨૪ના રોજ અમે સીમલીયા બસ સ્ટેશનથી ભાગીને હાલોલ ગયા હતા ત્યા અમે બે થી ત્રણ દિવસ મારા બનેવીના ત્યા રોકાયા હતા ત્યા અમે બંનેની મરજીથી શારીરીક સંબંધ બાંધ્યો હતો ત્યાથી અમે ધારી (અમરેલી) ના ચલાલા ગામે બે મહીના સુધી વાડીએ રોકાયેલા હતા ત્યા અમે છ થી સાત વખત બંનેની મંજુરીથી સંબંધ બાંધ્યો હતો. ત્યાથી રાજકોટ જઈ તબેલામાં રોકાયેલા અને તા.૧૭/૧૨/૨૦૨૪ના રોજ રાત્રે ૧૦.૩૦ વાગે પોલીસ અમને પકડી સંતરામપુર લાવી હતી." આરોપીને કોઈ ઈજાઓ જણાયેલ નહી. ત્યારબાદ આરોપીના શરીર ઉપરથી નીચે મુજબના સેમ્પલ લીધેલા. (૧)સીમેન, (૨)પ્યુબીક હેર, (૩) સલાઇવા, (૪)હેડ હેર, (૫) બ્લડ વીથ ઈ.ડી.ટી.એ., (૬)બ્લડ પ્લેન, (૭)નખ, (૮)પેશાબ તથા (૯) પેરી પેનીસ સ્વોબ, (૧૦) બગલના વાળ લીધેલા અને સદરહુ નમુના મે પોલીસને શીલ બંધ હાલતમાં આપેલા. આરોપીની મેડીકલ તપાસણી કર્યા બાદ મે એમ.એલ.સી.સર્ટીફીકેટ આપેલું. મને આરોપીને આપેલ એમ.એલ.સી.સી બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક-૨૨ આપવામાં આવે છે. આજરોજ મારી સાથે આરોપીના સેમ્પલ લીધા બાદ પોલીસને આપેલ ફોરવડીંગ પત્ર રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક-૨૩ આપવામાં આવે છે તથા આરોપીના મેડીકલ પેપર (કુલ પેજ-૧)

મારી સાથે લાવેલ છું જે રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક-૨૪ આપવામાં આવે છે."

આમ, તેઓએ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આરોપી તથા ભોગ બનનારની મેડીકલ તપાસણી તેઓએ કરેલ છે. ભોગ બનનારની ઉંમર તેઓએ પોલીસ યાદીના આધારે લખી લીધેલી. ભોગ બનનારની ઉંમર ચકાસણી માટે તેઓએ કોઈ ઓસીફીકેશન ટેસ્ટનો અભિપ્રાય આપેલ નહિં. આરોપીની મેડીકલ તપાસણી તેઓએ કેટલા વાગે શરૂ કરેલી અને કેટલા વાગે પુર્ણ કરેલ તે હાલ યાદ નથી. આરોપીની મેડીકલ તપાસણી પુર્ણ થયાનો સમય સર્ટીફીકેટમાં જણાવેલ નથી.

**(૧૭)** સદર કામે સૌ-પ્રથમ ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષ કરતા નાની હોવાના સંદર્ભમાં ફરીયાદપક્ષ તરફથી આંક-૧૨ થી ભોગ બનનારનું બોનાફાઈડ સર્ટી અને આંક-૨૭ થી શાળાના જનરલ રજીસ્ટરની નકલ રજુ થયેલ છે જે બંને દસ્તાવેજમાં ભોગ બનનારની જન્મ તા.૧૫/૦૭/૨૦૦૮ ની દર્શાવેલ છે.

આમ, આંક-૧૨ થી ભોગ બનનારનું બોનાફાઈડ સર્ટી અને આંક-૨૭ થી શાળાના જનરલ રજીસ્ટરની નકલ રજુ થયેલ છે જે બંને દસ્તાવેજી પુરાવાને ન માનવાને કોઈ કારણ નથી. આમ, બનાવની તારીખે ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષ ૦૨ માસ અને ૦૧ દિવસની હોવાનું પ્રથમ દર્શનીય રીતે ફલિત થતું હોય ભોગ બનનાર ૧૮ વર્ષ કરતા નાની ઉંમરની હોવાનું ન માનવાને કોઈ કારણ ન રહેતું હોય તેમના માતા-પિતા ભોગ બનનાર ધોરણ-૧૨ સુધી અભ્યાસ કરેલ હોવાનું જણાવી રહેલ હોય ત્યારે ભોગ બનનાર માયનોર હોય તે હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી

શકે છે. પરંતુ, ભોગ બનનારને આરોપીએ લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી, પટાવી, ફોસલાવી, ફરીયાદીના કાયદેસરના વાલીપણા માંથી અપહરણ કરી લઈ જઈ, ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સંભોગ બળાત્કાર કરેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવી પડે.

(૧૮) સદર કામે આંક-૧૦ થી સાહેદ નં.૦૧ તરીકે ભોગ બનનારના પિતાની જુબાની જોવામાં આવે તો, તેઓ પોતાની જુબાનીમાં,

> “બનાવ આશરે આઠ માસ અગાઉ બનેલો. બનાવના દિવસે અમો ઘરના બધા માણસો રાત્રીના સમયે સુઈ ગયેલા અને મારી ભોગબનનાર દીકરી ધો-૧૨માં અભ્યાસ કરતી હોવાથી મારા નળીયા વાળા ઘરમાં વાંચવા જાઉ છુ તેમ કહીને ગયેલી અને સવારે મારી પત્નીએ તપાસ કરતા તે મળી આવેલી નહી. તેથી મારી પત્નીએ મને વાત કરેલી અને અમોએ સગા-સંબંધી તેમજ આજુબાજુ તપાસ કરતા મળી આવેલ નહી તેથી મારી ભોગબનનાર દીકરી ગુમ થયેલાની સંતરામપુર પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. મને ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક-૧૧ આપવામાં આવે છે. મે ફરીયાદ કરતી વખતે મારી ભોગબનનાર દીકરીનુ બોનાફાઇડ સર્ટી આપેલું. મને બોનાફાઇડ સર્ટી બતાવામાં આવે છે જે મે રજુ કરેલ છે તે જ છે. જેને અનુક્રમે રજુ દાખલ આંક-૧૨ આપવામાં આવે છે. મારી ભોગબનનાર દીકરીને કોઈ લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયેલ હોય તેમજ તેની સાથે તેન મરજી વિરુધ્ધ

બળાત્કાર સંભોગ કરેલ હોય તેવુ કાઈ બનેલ નથી. પરંતુ બનાવના દીવસે મારી ભોગબનનાર દીકરીને મારી પત્ની સાથે ભણવા બાબતે બોલાચાલી થતા તેણીની મારી સાસરીમાં તેના મામાના ઘરે જતી રહેલી અને પરત આવેલી નહી તેથી અમોએ પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. પરંતુ થોડા દીવસ બાદ મારી ભોગબનનાર દીકરીને મારા સાળા સમજાવીને ઘરે મુકવા આવેલા પરંતુ મે ફરીયાદ આપેલ હોવાથી તેને પોલીસ સ્ટેશન લઈ ગયેલા અને ત્યા મેડીકલ તપાસણી કરવા લઈ ગયેલા અને ત્યા મે ભોગબનનારની મેડીકલ તપાસણી કરવા માટે સંમંતી આપેલી. મને સમંતિપત્રક બતાવામાં આવે છે જેમા કરેલ સહી મારી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક-૧૩ આપવામાં આવે છે. મારી ભોગબનનાર દીકરી ઘરે આવ્યા બાદ મે તેણે કઈ પુછયુ નઈ અને તેણે મને કઇ જણાવેલ નહી."

આમ, ફરીયાદીની જુબાની ઉપરથી ફરીયાદી બનાવથી તદ્દન વિપરીત હકીકત પોતાની જુબાનીમાં જણાવી રહેલ છે અને તેઓની ભોગબનનાર દીકરીને તેઓની પત્ની સાથે ભણવા બાબતે બોલાચાલી થતા તેણીની તેઓની સાસરીમાં તેના મામાના ઘરે જતી રહેલ હોવાની હકીકત જણાવેલ છે. તેઓએ આંક-૧૧ થી રજુ થયેલ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ, અન્ય હકીકતોને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. તેવી જ રીતે ભોગ બનનારના માતાને આંક-૧૪ થી સાહેદ નં.૦૨ તરીકે તપાસવામાં આવેલ છે તેઓ ફરીયાદ મુજબની હકીકતને સમર્થન કરતા ન હોય તેથી

તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. આમ, ભોગ બનનારનાં માતા–પિતાની જુબાની ઉપર આધાર રાખી આરોપીને કસુરવાર ઠરાવી શકાય તેમ નથી.

(૧૯) મહત્વના સાહેદ તરીકે ભોગ બનનારની પોતાની જુબાની જોવામાં આવે તો, તેઓને આંક–૪૭ થી સાહેદ નં.૦૭ તરીકે તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે તે મુજબ,

> "બનાવ આજ થી છ–સાત મહીના અગાઉ બનેલો. મારે ઘરકામ બાબતે મારી માતા સાથે બોલાચાલી થયેલી જેથી હુ મારુ ઘર છોડીને જતી રહેલી. હુ ઘર છોડીને જતી રહેલી જેથી મારા પિતાએ સંતરામપુર પો.સ્ટે.માં મારા ગુમ થયા બાબતની ફરીયાદ આપેલી. ત્યારબાદ મારા પિતાએ ફરીયાદ આપેલ હોય હુ ઘરે પરત આવેલ ત્યારે મને સંતરામપુર પો.સ્ટે.મા લઈ ગયેલા અને પોલીસે મારુ નામ ઠામ પુછેલુ. મારી મેડીકલ તપાસણી કરવાની હોય મને સંતરામપુર સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યા મારી સમંતી લીધેલી. મને સમંતીપત્રક બતાવામાં આવે છે જેમા કરેલી સહી મારી છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ આંક–૪૮ આપવામાં આવે છે. ત્યારબાદ મને પોલીસ કોર્ટમાં જજ સાહેબ રુબરુમાં લઈ ગયેલા હતા અને ત્યા જજ સાહેબે પુછી મારુ નિવેદન લખેલુ. મને નામ.કોર્ટના રેકડમાંથી ખાખી કલરનુ શીલ વાળુ કવર જે કવર તોડીને બતાવવામાં આવે છે જે જજ સાહેબે મારુ નિવેદન નોંધેલ અને તેમાં દરેક પાના ઉપર મારી સહી કરાવી છેલ્લા પાના ઉપર મારી સહી લીધેલ તે કાગળમાં તમામ સહીઓ હુ ઓળખી બતાવુ છુ.

સદરહુ કવર માંથી ફોરવડીંગ પત્ર સાથે કુલ પાંચ ચાર નીકળેલ છે જેમાં ફોરવડીંગ પત્ર તથા સી.આર.પી.સી.કલમ ૧૬૪નું નિવેદન છે જે તમામને સંયુકત પાકો આંક–૪૯ આપવામાં આવે છે. ત્યારબાદ ઘરે આવીને મે મારા માતા પિતાને બનાવ બાબતે કોઇ માહીતી જણાવેલ નહી. મને કોઈ લલચાવી ફોસલાવીને મને લગ્ન કરવાની લાલચ આપીને કોઇ લઇ ગયેલ નથી અને મારી સમંતી કે સમંતી વગર મારી સાથે બળાત્કાર સંભોગ કરેલ નથી.”

આમ, ભોગ બનનાર ફરીયાદપક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા નથી. તેથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદપક્ષ તરફથી તેઓની ઉલટતપાસમાં પુછી શકાય તેવો પ્રશ્નો પુછવા છતાં, ફરીયાદની હકીકતને સમર્થન કરતા નથી. ભોગ બનનાર બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ નાં આંક–૪૯ ના નિવેદનમાં તેમની સહી ઓળખી બતાવેલ છે અને તેમાં તેમણે આરોપી તેણીને ચાલતો બટકવાડા ગામે લઈ ગયેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ, તેઓની આરોપી તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, પોલીસે તેઓની કોઈ પુછપરછ કરેલી નહિં. તેઓએ ડોક્ટર સાહેબને કોઈ હિસ્ટ્રી લખાવેલ નહિં. તેઓએ સંતરામપુર કોર્ટમાં નીવેદન પોલીસ અને તેઓના માતા–પિતાના કહેવા મુજબ આપેલ. તેઓને પોલીસ સ્ટેશન માં જવાનુ ક્યારેય થયેલ નહિં. આરોપી તેઓના ગામના હોવાથી ઓળખે છે. જેથી ભોગ બનનારની જુબાની ઉપરથી ફરીયાદપક્ષનો કેસ પુરવાર થતો નથી અને આરોપીને કસુરવાર ઠરાવી શકાય નહીં.

**(૨૦)** વધુમાં સદર કામે આાંક–૨૮ થી સાહેદ નં.૦૫ તરીકે ગાયનેકોલોજીસ્ટ ડો.જાગૃતીબેન વી. વસાવાનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,

"હુ તા.૧૮/૧૨/૨૦૨૪ ના રોજ સ્ટેટ હોસ્પિટલ સંતરામપુર ખાતે ગાયનેકોલોજીસ્ટ તરીકે ફરજ બજાવતી હતી તે દરમીયાન મ.પો.કો. ઈન્દુબેન બ.નં.૯૧૮નાઓ ભોગબનનારને બપોર ૧૨.૦૦કલાકે અમારી હોસ્પીટલના મેડીકલ ઓફીસરનાઓએ અમારી તરફ રીફર કરેલા હોય લાવેલા. ભોગ બનનાર, ઉ.વ. ૧૬ વરસ અને ૫ માસનાઓને ગાયનેક તપાસણી માટે મારી સમક્ષ લાવેલ. સદરહુ ભોગબનનારની તપાસણી માટે ભોગબનનારની તથા તેમની માતાની સમંતી લઈ તેમની ગાયનેકોલોજીસ્ટ તપાસણી કરેલ તે દરમ્યાન ભોગ બનનાર સભાન અવસ્થામાં હતા. ભોગબનનારની આંતરીક તપાસણી પહેલા મે મેડીકલ સેમ્પલ લીધેલા જેમાં (૧)સર્વાઈકલ સ્વોબ અને (૨) વજાઈનલ સ્વોબ લઈ સદરહુ સેમ્પલ મેડીકલ ઓફીસરને તેમના સેમ્પલ સાથે તપાસણી માટે મોકલી આપેલા હતા. ભોગબનનારની આંતરીક તપાસ કરતા યોનીપટલ પર જુની ઈજાઓ હતી પરંતુ બાહય ભાગે કોઈ ઈજાઓ ન હતી. યોનીપટલ જુનુ ફાટેલ હતુ. ભોગબનનારનો પ્રેગ્નેન્સી ટેસ્ટ કરાવેલ જે નેગેટીવ આવેલ હતો. ભોગબનનારને સોનોગ્રાફી માટે રેડીયોલોજીસ્ટ પાસે રીફર કરવામાં આવેલ જેમા પ્રેગ્નેન્સી ન હોવાનો રીપોર્ટ આવેલો તેમજ ભોગબનનારને મનોચીકીત્સક

પાસે ગોધરા ખાતે રીફર કરવામાં આવેલ હતા. મને આંક–૧૮વાળા સર્ટીફીટેકના પેજ નંબર–૧૪ બતાવામાં આવે છે જે મે ઉપરની તપાસ કરેલાનુ જણાવેલ તે જ છે જે હું ઓળખુ છુ. ત્યારબાદ આંતરીક તપાસણી કર્યા બાદ મે ભોગબનનારનુ ગાયનેકો સર્ટી આપેલ. મને ભોગબનનારનો ગાયનેક તપાસણીનો રીપોર્ટ બતાવામાં આવે છે જેમા કરેલી સહી તેમજ મારા હોદ્ધાનો સીકકો છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ આંક–૨૯ આપવામાં આવે છે."

**(૨૧)** તેમજ સદર કામે પંચ સાહેદ ડિમ્પલબેન અનુપમભાઈ પટેલનાઓને આંક–૩૦ થી સાહેદ નં.૦૬ તરીકે તપાસવામાં આવેલ છે. જેમાં તેમણે તેમની રૂબરૂમાં પંચનામાઓ થયેલ હોવાનું જણાવેલ છે. સદર કામે ત.ક.અ.કલ્પેશકુમાર કેતનભાઈ ડીંડોરનાઓને આંક–૬૩ થી સાહેદ નં.૧૧ તરીકે તપાસવામાં આવેલ છે અને તેઓએ કરેલ તપાસનો ચિતાર રજુ રાખેલ છે. પરંતુ, આંક–૭૮ ના એફ.એસ.એલ.નાં રીપોર્ટ ઉપરથી મેડીકલ સેમ્પલીંગ એકઝામીનેશન દ્વારા ભોગ બનનાર સાથે આરોપીએ અવાર નવાર શરીર સંભોગ બળાત્કાર કરેલ હોવાની હકીકતને સમર્થન કરતા નથી. ગાયનેક ડો.જાગૃતીબેન વી. વસાવાનાઓએ પોતાની જુબાનીમાં ભોગ બનનારની આંતરીક તપાસ કરતા યોની પટલ પર જુની ઈજાઓ હોવાનું અને યોની પટલ જુનુ ફાટેલ હોવાનું જણાવેલ છે. પરંતુ, તેઓએ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, યોની પટલ ફાટી જવાના ઘણા બધા કારણો હોઈ શકે છે. આમ, આરોપી દ્વારા ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સંભોગ

બળાત્કાર કરવાથી જ તેઓનું યોની પટલ ફાટેલ છે તેવું પણ માની શકાય નહીં જ્યારે મેડીકલ એવીડન્સથી કે અન્ય કોઈ સાંયોગિક પુરાવાથી ભોગ બનનાર સાથે પ્રવેશકીય જાતીય હુમલા બદલની શિક્ષા, ગંભીર પ્રવેશકીય જાતિય હુમલો અને ગંભીર પ્રવેશકીય જાતીય હુમલા બદલની શિક્ષા મુજબનો ગુનો આરોપીએ કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થતું ન હોય ત્યારે આરોપીને કસુરવાર ઠરાવી શકાય નહી અને રજુ થયેલા પુરાવાઓ ઉપરથી પોક્સો એક્ટની કલમ-૨૯ અને કલમ-૩૦ ના અનુમાનો ઉપર આધાર રાખી આરોપીને કસુરવાર ઠરાવી શકાય નહી અને મુળભુત હકીકતો ફરીયાદપક્ષ તરફથી પુરવાર કરવામાં આવેલ હોય તો જ સદર અનુમાનો ઉપર આધાર રાખી શકાય અને આમ, મુળભુત હકીકતો પુરાવાથી નિ:શંકપણે પુરવાર થયેલી ન હોય ત્યારે અનુમાનના આધારે આરોપીને કસુરવાર ઠરાવી શકાય તેમ નથી. જેથી મુદ્દા નં.૦૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૦૨ ના સંદર્ભમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ::-

(૧) સદરહું કામના આરોપી **શૈલેષભાઈ કુલાભાઈ તાવીચાડ,** ઉ.વ.૧૯, રહે.સીમલીયા, તળગામ ફળીયુ, તા.સંતરામપુર, જી.મહીસાગર નાઓને બી.એન.એસ.એસ.ની કલમ-૨૫૮(૧) મુજબ બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોક્સો એક્ટની કલમ-૪, ૫(એલ), ૬ હેઠળના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપીને છોડી મુકતો હુકમ કરવામાં આવે છે.

(૨) સદરહું કામનો તમામ મુદ્દામાલ બીનકિંમતી હોય, તેનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧(એ) હેઠળ અપીલ સમય માટેના છ મહિના સુધીના રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ની રકમના જાતમુચરકા તથા તેટલી જ રકમના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે અને જામીન જીલ્લા રજીસ્ટ્રાર રૂબરૂ આપવા.

(૪) ભોગબનનારને બી.એન.એસ.એસ.ની કલમ–૩૯૫(૩) હેઠળ કે રાજ્ય સરકારના અન્ય સ્કીમ હેઠળ વળતર આપવા માટે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સદરહુ હુકમ આજરોજ તા.૦૭ મી માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭/૦૩/૨૦૨૬
સ્થળ–લુણાવાડા

**(એમ.એમ.પરમાર)**
સ્પેશીયલ પોક્સો એન્ડ
એડીશનલ સેશન્સ જજ લુણાવાડા,
જી.મહીસાગર
**GJ00881**

એસ.એલ.બાંભણિયા
ગુજ.સ્ટેનો.